R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • (મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-29• ISSUE: 11 DATE: 14-03-2020• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## મધ્યપ્રદેશની કોગ્રેસની રાજનીતિમાં ભુકંપ : કમલનાથની સરકારને તોડી પાડવાનો કારસો ફળીભુત બન્યો

મધ્યપ્રદેશની કોગ્રેસમાંથી રાજીનામુ આપી બીજેપીમાં જોડાનાર જ્યોતિર્યરાય સિંધિંયાએ કોગ્રેસના મુળીયા હલાવી નાંખ્યા છે. જો કે મહારાષ્ટ્રના રાજકીય એટેક બાદ બીજેપીએ રાજકારણના આટાપાટામાં કોગ્રેસને ચારેખાને ચીત કરી નાંખી છે.કમલનાથની કોગ્રેસી સરકારને ઉથલાવવામાં જે રીતે ભાજપ ફાવી તેમ જોતા પીઢ કોગ્રેસી એમપીના નેતાઓ બહોશ થઈ ગયા છે. નીતિ રીતીઓ તોડી તોડજોડની નીતિ શરુ થઈ છે.



## આંતરરાષ્ટ્રીય મહિલા દિને વડાપ્રધાન મોદીના સન્માનનો અસ્વીકાર કરનાર નવ વર્ષની લિસિપ્રિયા

૮માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે વડાપ્રધાન મોદીએ દેશની સાત મહિલાઓને પોતાના તમામ સોશ્યલ મીડીયા એકાઉન્ટ સોપવાની વાત કરી હતી. આ દિવસે જુદા જુદા ક્ષેત્રોમાં પ્રેરણાદાયક કામગીરી કરનાર મહિલાઓની પસંદગી કરાઈ હતી.વડાપ્રધાને દેશભરની મહિલાઓને પોતાની પ્રેરણાત્મક સ્ટોરી મોકલવાની અપીલ કરી હતી. વડાપ્રધાને પોતાના સોશ્યલ મીડીયા એકાઉન્ટ જે સાત મહિલાઓને સોપ્યુ હતું તેમાં એક મણીપુરની નવ વર્ષની કલાઈમેટ ચેન્જ પર અવાજ ઉઠાવનારી લિસિપ્રિયા કંગુજમ પણ હતી. જે કે લિસિપ્રિયાએ વડાપ્રધાન મોદી તરફથી આપવામાં આવેલું આ સન્માન સ્વીકારવાની ના પાડી દેતાં તે ચર્ચા આવી હતી.

લિસિપ્રિયા કંગુજમને મણીપુરની બાલ પર્યાવરણ કાર્યકર્તા તરીકે ૨૦૧૯માં ડો. એપીજે અબ્દુલ કલામ બાલ પુરસ્કાર મળ્યો હતો. ત્યારબાદ વિશ્વ બાલ શાંતિ પુરસ્કાર અને એક ભારત શાંતિ પુરસ્કાર તેણે મેળવ્યો હતો.વડાપ્રધાનના ટ્વિટ બાદ લિસિપ્રિયાએ ટ્વીટ કરીને કહ્યુ કે સરકાર મારી વાત સાંભળતી નથી અનો આંજ મનો પ્રેરણાદાયક મહિલાઓની હરોળમાં સામેલ કરી છે પરંતુ શું આ ખરેખર યોગ્ય છે ?તેણે કહ્યુ હતું કે વડાપ્રધાને ૩૨ લાખ લોકો વચ્ચેથી મનો પણ પ્રેરણાદાયક મહિલાઓમાં સામેલ કરી છે.જો તમે મારો અવાજ સાભળતા નથી તો મને સામેલ ના કરો. તમારો ખુબ આભાર, પરંતુ બહુ વિચાર્યા બાદ મે આ સન્માનનો અસ્વીકાર કરવાનો નિર્ણય લીધો છે.

લિસિપ્રિયાએ સન્માનનો અસ્વીકાર કર્યો તેની ચર્ચા સમગ્ર વિશ્વભરમાં ચાલી રહી છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે વડાપ્રધાન મોદીએ સાત મહિલા એચીવર્સને ટ્વીટર હેન્ડલ સોપ્યા

૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી ત્યારે વડાપ્રધાન મોદીએ દેશ અને સમાજમાં મહિલાઓના વિશિષ્ટ યોગદાનની પ્રશંસા કરી હતી. અને નારી શક્તિને સેલ્યુટ કરીને શુભેચ્છાઓ પાઠવી હતી.મહિલા દિન પ્રસંગે મોદીએ સાત મહિલા એચીવર્સને ટ્વિટર હેન્ડલ સોપ્યા હતા. આ મહિલાઓ સમાજ માટે પ્રેરણાદાયક કામ કર્યા હતા.

પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે તેમનું સોશ્યલ મીડીયા એકાઉન્ટ સાત મહિલાઓને સોપ્યું હતું. જેમાં સૌથી પહેલાં સ્નેહા મોહનદાસે મોદી ટ્વીટર હેન્ડલ સંભાળીને તેમની જીવનયાત્રા વર્ણવી હતી.બીકાનેર ખાતે બોમ્બ બ્લાસ્ટમા બંને હાથ ગુમાવનાર માલવિકા ઐયર, કાશ્મીરની આરિફા તેમજ કલ્પના રમેશ અને વિજ્યા પવાર, કલાવતી દેવી તેમજ વીણા દેવીએ પણ ટ્વિટર એકાઉન્ટ સંભાળ્યુ હતું. આ મહિલાઓએ તેમના જીવનની ખાસ ક્ષણો લોકો સાથે શેર કરી હતી. મોદીએ કહ્યુ હતુંકે મે થોડા દિવસો પહેલાં કહ્યુ હતું કે હું સોશ્યલ મીડીયા પરથી વિદાય લઈ રહ્યો છુ. જીવનમાં ખાસ મુકામ હાંસલ કરનાર સાત મહિલાઓ મહિલા દિવસે મારા ટ્વીટર હેન્ડલ પરથી તેમના જીવનની સફર આપને જણાવશે. તમે પણ તેમની સાથે વાતચીત કરી શકો છો.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ટાઇમ લીસ્ટમાં સદીની મહત્વની મહિલાઓમાં ઇન્દીરા ગાંધી અને રાજકુમારી અમૃતકૌરની વુમન ઓફ ધ યર તરીકે પસંદગી



ટાઈમ મેગેઝીને પુર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધી અને સ્વતંત્રતા સેનાની રાજકુમારી અમૃત કૌરનો સદીની ૧૦૦ શક્તિશાળી મહિલાઓની યાદીમાં સમાવેશ કર્યો છે. ટાઈમ મેગેઝીનો ૧૯૪૭ના વર્ષ માટે રાજકુમારી અમૃતકૌર અને ઈન્દીરાગાંધીની ૧૯૭૬ના વર્ષ માટે વુમન ઓફ ધ યર તરીકેની પસંદગી કરી છે. તેમના માટે ખાસ કવરપેજ પણ તૈયાર કર્યા છે.

મેગેઝીને ઈન્દીરા ગાંધી વિશે લખ્યુ છે કે ૧૯૭૬માં ઈન્દીરા ગાંધી ઈમ્પ્રેસ ઓફ ઈન્ડીયા હતા. તે પછી તેઓ ભારતમાં મહાન સત્તાવાદી બની ગયા. ૧૯૭૫માં આર્થિક સધ્ધરતા વચ્ચે ઈન્દીરા ગાંધીની સરકાર સામે દેખાવો શરુ થયા હતા અને તેમની ચુંટણી અમાન્ય જાહેર થયા પછી કટોકટીની જાહેરાત કરી હતી. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પુત્રી જેટલી કઠોર હતી તેટલી જ કરિશ્માથી ભરેલી હતી.

ટાઈમ મેગેઝીને ૧૦૦ વુમન ઓફ ધ યર અંક માટે વીતેલી સદીના પ્રત્યેક વર્ષ માટે વુમન ઓફ ધ યરની પસંદગી કરી છે. વીતેલી સદીના આરંભિક ૭૨ વર્ષ ણઆટએ ટાઈમ મેગેઝીને મેન ઓફ ધ યર પ્રોજેક્ટ પર કામ કર્યુ હતું. પુરુષોનો દબદબો ખતમ કરવા ૧૯૯૯માં તેને સ્થાન પર્સન ઓફ ધ યર નામ આપવામાં આવ્યું. તેમ છતાં યાદીમાં નામ તો પુરુષોના જ વધુ રહ્યા હતા. આ વર્ષે મેગેઝીને વીતેલી સદી માટે ૧૦૦ વુમન ઓફ ધ યર જાહેર કર્યા છે.

મેગેઝીને અમૃત કૌર વિષે લખ્યુ છે કે કપુરથલા રોયલ ફેમીલી સાથે સબંધ ધરાવતા રાજકુમારી કૌર ૧૯૧૮માં ઓક્સફર્ડમાં અભ્યાસ કર્યા પછી ભારત પાછા ફર્યા હતા. અને મહાત્મા ગાંધીના સિધ્ધાંન્તોના પ્રશંસક બની રહ્યા હતા.તેમને ધ્યેય ભારતની આઝાદી હતી.તેમણે અનેક સામાજિક મુદા ઉઠાવ્યા હતા.

## ભ્રષ્ટ સરકારી કર્મીને પાસપોર્ટ નહીં મળે ,અગાઉ ઇશ્યુ થયેલો પાસપોર્ટ પણ રદ કરાશે

વિદેશ મંત્રાલયે પાસપોર્ટ ઈશ્યુ કરવાના મુદ્દે હાલના નિયમોની સમીક્ષા કર્યા બાદ તેને વધારે સખ્ત બનાવ્યા છે. જે સરકારી અધિકારી કે કર્મચારી સામે ભ્રષ્ટાચારના મામલે કોઈ કેશ નોધાયો છે અથવા તેને સસ્પેન્ડ કરાયો છે તેને હવે પાસપોર્ટ ઈશ્યુ કરવામાં નહીં આવે અને તેને અગાઉ જે પાસપોર્ટ ઈશ્યુ કરાયો હશે તો એવા પાસપોર્ટને રદ કરી દેવાશે.

મંત્રાલયે જારી કરેલી નવી ગાઈડલાઈન્સ મુજબ જે સરકારી કર્મચારી સસ્પેન્ડ છે અથવા જેની સામે ભ્રષ્ટાચારનો કેસ નોધાયો છે એને નવો પાસપોર્ટ બનાવવા માટે કલીયરન્સની આવશ્યકતા જરુરી બનાવાઈ છે. આ બાબતના નિયમો તમામ વિભાગોને આપી દેવાયા છે. નવા નિયમો મુજબ કોઈ પણ અધિકારી સામે ક્રિમિનલ કેસમાં તપાસ એજન્સી દ્વારા એફઆઈઆર નોધાઈ છે અથવા તેની સામે કોઈ કોર્ટ દ્વારા સમન્સ જારી કરવામાં આવ્યા છે તેવા અધિકારી વિજિલન્સ વિભાગ દ્વારા કલીયરન્સ મળ્યા બાદ પણ તેનો પાસપોર્ટ રોકી શકાય છે.કૌભાડી માટે પણ આવો નિયમ જરુરી છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવા નિકળવું તેવી ઉક્તિને કેન્દ્રની સરકારે સાચી ઠરવી છે. યશ બેન્ક હોય કે પછી બેન્કોનું ફુલેકું ફેરવીને વિદેશોમાં ભાગી જનારા ઠગોને રાજકારણીઓ અને સત્તાસ્થાને બેઠેલા લોકોના આર્શવાદ પ્રાપ્ત હોવાનું મનાઈ રહ્યું છે. છેલ્લા બે વર્ષથી બેન્કીંગ ક્ષેત્ર નબળુ પડી રહ્યુ છે અને બેન્કોની વધી રહેલી એનપીએને કારણે બેન્કીંગ ક્ષેત્ર આઇસીયુમાં ડચકા ખાઈ રહ્યુ છે.જેમના હાથોમાં સત્તાના સુત્રો છે તેમની અણઆવડતને કારણે દેશ ભારે આર્થિક મંદીનો સામનો કરી રહ્યો છે. કારણકે તેમના દ્વારા લેવાયેલા સુચિત પગલાં માહોલને ઠીક કરવા માટે સદંતર નબળા નિવડ્યા છે. યશ બેન્ક ઉપરાંત અન્ય બેન્કોના લોન કૌભાડોએ દેશના નાણાંબજારમાં તબાહી ઉભી કરી છે. લાખો નાના ખાતેદારો અને થાપણકારોની મુડી ધોવાઈ ગઈ છે. પરત ચુકવણીની કોઈ વાજબી લેણદેણ કરવામાં આવી નથી. સરકારી જાહેરાતો માત્ર જાહેરાત પુરતી જ સીમીત રહી છે અને લોકોને તેનો લાભ મળી શક્યો નથી.જે લોકોએ લોન મેળવીને પરત નથી કરી તેમની સંપત્તિ વેચીને લોનની વસુલાત કરવી પરંતુ તેમાં પણ કાયદાની આંટીઘુટીઓ જવાબદાર છે. જેટલા લોન લઈને ભાગી જનારા અને દેશનું તેમજ ગ્રાહકોનું અહિત કરનારા જવાબદાર છે તેટલાજ જવાબદાર તેમને બચાવનારા કાયદાના નિષ્ણાંતો પણ ગણી શકાય. બેન્કીગ ક્ષેત્રમાં વિશ્વાસ ડગમગી જશે તો લોકોનો સરકાર પરથી વિશ્વાસ ઉઠી જશે.સરકાર હજુ પણ ભુતકાળની સરકારોને ગાળો દેવામાંથી ઉંચી આવતી નથી. પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન થયેલા ગોટાળાને નજરઅંદાજ કરી રહી છે તે કેમ ચાલશે. કેન્દ્રની સરકારે તેના સાત વર્ષમાં થયેલા ગોટાળા અને કૌભાંડોનો હિસાબ આપવો પડશે.તબેલામાંથી ભાગી છુટેલા ઘોડાઓ પૈકીના કેટલાક ઘોડાઓ તેમના છે તેથી તેમણે વિદેશોમાં વસાવેલી મિલ્કતો વેચી નાણાં વસુલ કરવા પડશે.

કૌભાંડીઓ ભવ્ય પાર્ટીઓ,ભેટો અને અન્ય મોજશોખની ચીજ વસ્તુઓ સરકારી અધિકારીઓને પુરી પાડતા હોય છે. જેમાં રાજકારણીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજકીય પાર્ટીઓને ફંડ આપતા રહેતા હોવાથી તેમની સામે કોઈ તપાસ કરવા આંગળી ચીંધી શકતું નથી.પરિણામે કૌભાંડીઓને મોકળુ મેદાન મળી જાય છે. ભુતકાળના વિજય માલીયા, ચોકસી વિગેરેના દાખલાઓ આપણી નજર સમક્ષ છે. તેમણે કરેલા કૌભાંડોની રકમ તેમણે વસાવેલી મિલ્કત સામે નજીવી છે જેનાથી પુરતી રકમ મળી શકતી નથી. વિદેશોમાં અન્યોના નામે વસાવેલી મિલ્કતો ટાંચમાં આવી શકતી નથી.પરિણામે આપણે બધુ સહન કરવું પડે છે.


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


# યુએન માનવ અધિકાર પંચે નાગરિકતા સુધારા કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પાંચના વડા મિશેલ બેશલેટે ભારતની સુપ્રીમ કોર્ટમાં નાગરિકતા સુધારા કાયદાની વિરુધ્ધમાં અરજી દાખલ કરી કેસની સુનાવણીમાં મધ્યસ્થતા કરવા ઓફર કરી છે. પંચે નાગરિકતા સુધારા કાયદાના મામલામાં ભારતની સુપ્રીમ કોર્ટમાં ઇન્ટરવેન્શન એપ્લિકેશન દાખલ કરી છે.

અરજીમાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચના વડા અને ચીલીના પુર્વ રાષ્ટ્રપતિ મિશેલ બેશલેટે સુપ્રીમ કોર્ટમાં હાલમાં ચાલી રહેલી નાગરિકતા સુધારા કાયદાને પડકારતી અરજીઓની સુનાવણીમાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચને અદાલતના મિત્ર બનાવવા વિનંતી કરી છે.માનવ અધિકાર પંચે જણાવ્યુ છે કે કાયદામાં ધર્મના આધારે કરાયેલા મતભેદ માટે અપાઇ રહેલા કારણો વ્યાજબી નથી. બેશલેટે જણાવ્યુ હતું કે ભારતમાં ડિસેમ્બરમાં સંસદમાં પસાર કરાયેલો નાગરિકતા સુધારા કાયદો અત્યંત ચિંતાજનક છે.

# ભારતની આંતરિક બાબતો પર વિદેશીઓએ હસ્તક્ષેપ કરવો જોઇએ નહીં: ઇરાનની ભારતની આંતરિક બાબતે ટિપ્પણી કરવાના મુદ્દે ઇરાન સમક્ષ વાંધો લેવાયો

દિલ્હીમાં તાજેતરમાં થયેલા કોમી હિંસાને વખોડતી ઈરાનના વિદેશમંત્રી જાવેદ ઝરીફની ટિપ્પણી બાદ વિદેશ મંત્રાલયે દિલ્હી સ્થિત ઈરાનના રાજદુત અલી ચેગેનીને રુબરુ તેડાવ્યા હતા.ભારતની આંતરિક બાબતમાં ટીકા ટિપ્પણી કરાવાના મુદ્દે ભારતે ઈરાની રાજદુત સમક્ષ વાંધો પણ ઉઠાવ્યો હતો. ઈરાની વિદેશમંત્રી ઝરીફે ટ્વિટ કરીને કહ્યુ હતું કે રિન ભારતીય મુસલમાનોની સામે સંગઠિત હિંસાની ટીકા કરે છે. સદીઓથી ઈરાન ભારતનો મિત્ર રહ્યો છે. અને અમે ભારતીય અધિકારીઓને આગ્રહ કરીએ છીએ કે તેઓ તમામ લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરે અન તેમની સાથે અન્યાય ન થવા દે. શાંતિપુર્ણ સંવાદ અને કાયદામાં જે આગળનો રસ્તો નીકળી શકે છે. ભારતીય વિદેશમંત્રાલયના પ્રવક્તા રવિશકુમારે કહ્યુ કે એજન્સીઓ હિંસા અટકાવવા તથા સ્થિતિને સામાન્ય કરવા માટે જમીની સ્તરે કામ કરી રહી છે. આંતરરાષ્ટ્રીય યુનીટો દિલ્હી હિંસા પર બેજવાબદાર નિવેદનબાજી ન કરવી જોઇએ. આ પહેલાં તુર્કી,પાકિસ્તાન અને અમેરિકી રાજનેતાઓએય પણ દિલ્હી હિંસા પર ટિપ્પણી કરી હતી. યુએસ પ્રમુખ ટ્રમ્પે કહ્યુ હતું કે મે દિલ્હીમાં હિંસક તોફાનો અંગે પીએમ મોદી સાથે વાત કરી નથી. આ ભારતનો આંતરિક મામલો છે. અમે ધાર્મિક સ્વતંત્રતા અંગે વાત કરી છે. અને મોદી ઇચ્છે છે કે ભારતમાં લોકોને વધુને વધુ ધાર્મિક સ્વતંત્રતા મળે.ભારતે ધાર્મિક સ્વતંત્રતા અંગે ઘણી મહેનત કરી છે. મને આશા છે કે પીએમ મોદી આ મામલે દેશના લોકોના હિતમાં યોગ્ય નિર્ણય લેશે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# દિલ્હીમાં ચુંટણી જીતી ના શક્યા એટલે હિંસા કરાવી : શરદ પવાર

એનસીપીના પ્રમુખ શરદ પવારે કેન્દ્ર સરકારે અને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી કેન્દ્ર પાસે છે. ત્યારે દિલ્હીમાં થયેલી હિંસાના જવાબદાર વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જવાબદાર છે. પવારે મુંબઇમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યુ હતું. કે છેલ્લા કેટલાક દિવસોથી દેશની રાજધાની સળગી રહી છે. કેન્દ્રમા શાસન કરી રહેલી પાર્ટી દિલ્હી વિધાનસભામાં ચુંટણી જીતી ન શકી તો સાંપ્રદાયિકતાને પ્રોત્સાહન આપીને સમાજને વિભાજીત કરી દીધો. દિલ્હીમાં હિંસામાં અત્યાર સુધીમાં ૪૬ લોકોના મોત થયા છે.અને લગભગ ૨૦૦ જેટલા લોકો ઘાયલ છે. પવારે બૃહદ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં શિવસેના સાથે મળીને કામ કરશે એ સ્પષ્ટ કર્યુ હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ ડેપ્યુટી ચીફ મીનીસ્ટર અજીત પવારે કહ્યુ છે કે નંબર-૨ પર એનસીપીને લાવવાની જોરદાર કોશીશ કરવામાં આવશે.અજીત પવારે કહ્યુ હતું કે બીએમસીમાં શિવસેના નંબર વન પાર્ટી છે અને તેણે એ સ્થાને રહેવું જોઇએ કેમકે તેઓ અમારી સાથે ગઠબંધનમાં છે પણ એનસીપીએ બીજા નંબરે આવવાનો પ્રયાસ કરવો જોઇએ. બીએમસીમાં શિવસેના અને એનસીપીના ગઠબંધનથી ભાજપને મુશ્કેલી ઉભી થશે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૯૮૬૫. ૯૭૧૪૫૧૯૩૬૭

# ગુજરાતની ઉત્તમથી સર્વોત્તમ તરફ આગેકુચ

## ખેડુતો માટે મુખ્યમંત્રીની ભેટ
## દિનકર યોજના

ગુજરાતમાં ખેડુતોને રાતે જાગીને પાણી-ખેતીની ચિંતા ન કરવી પડે તે બાબતે સુનિશ્ચિત કરવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રીએ દિવસ દરમિયાન વીજ પુરવઠો પુરો પાડવા માટે દિનકર યોજના જાહેર કરી છે. ખેડુતલક્ષી ગુજરાત સરકારે ખેડુતના હિતોને કેન્દ્રમાં રાખીને આ નિર્ણય લીધો છે.

**સ્કુલ ઓફ એક્સલન્સ**

સરકારી સ્કુલોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા મટો, આધુનિક શિક્ષણની વ્યવસ્થા જેમકે સ્માર્ટ ક્લાસરુમ કમ્પ્યુટર લેબ, સ્ટેમ લેબ, તથા રમતગમતની ઉચ્ચ વ્યવસ્થા સાથે ૫૦૦ સરકારી સ્કુલ ઓફ એક્સલેન્સના રુપમાં વિકસાવવામાં આવશે.

**આરોગ્ય લક્ષી ગુજરાત માટે : અર્બન હેલ્થ સેન્ટર**

આરોગ્યલક્ષી ગુજરાત માટે અર્બન હેલ્થ સેન્ટર દસ હજારની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર જેમાં એમ.બી.બી.એસ અથવા આયુષ ડોકટર દ્વારા ઉચ્ચકક્ષાની આરોગ્ય સેવા પુરી પાડવામાં આવશે.

**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના :મહિલા સશક્તિકરણનું નવુ સોપાન**

મહિલા સ્વયં સહાયતા સમુહ જે પોતના રોજગાર તથા સ્વરોજગારીની તકો વધારવા રૂ. ૧ લાખની લોન લેવા ઇચ્છે તો રાજ્ય સરકાર સંપુર્ણ વ્યાજ ભરી તેમને ૦% વ્યાજ પર લોન ઉપલબ્ધ કરાવશે.

**ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન**

રોજગાર માટે યુવાનો તૈયાર થાય અને ગુજરાતમાં સ્કિલ ઇકો સિસ્ટમ મજબુત થાય તે હેતુથી ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના

**સ્માર્ટ ગુજરાતનુ સ્માર્ટ ટાઉન મિશન**

નાગરિકો માટે સુવિધાઓ વિકસિત થાય તે હેતુથી રાજ્યના શહેરો વચ્ચે સકારાત્મક સ્પર્ધાના આયોજન પાછળ રૂ. ૧૦૦ કરોડ ફાળવવાનો નિર્ણય. સ્માર્ટ ટાઉન મિશન અંતગર્ત વર્ગ અ અને વર્ગ બ ના નગરપાલિકાઓ વચ્ચે સ્પર્ધાના માધ્યમથી વિકાસના કાર્યો માટે પસંદ કરેલ નગરપાલિકાને રૂ. ૨૦ કરોડ ફાળવવામાં આવશે.

**હર ઘર જલ દ્વારા પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ**

નલસે જલ અભિયાન હેઠળ ઘરે-ઘરે પીવાનું પાણી પહોચાડવાના કામમાં ગુજરાત ૭૫% લક્ષ્ય પ્રાપ્ત કરીને ભારતમાં પ્રથમ ક્રમે છે. જલ જીવન મિશનના હર ઘર જલ અભિયાન અંતગર્ત આગામી બે વર્ષમાં એટલેકે ૨૦૨૨ સુધીમાં રાજ્યના બાકી રહેતા ૧૭ લાખ ઘરોમાં નળ જોડાણનું કામ પુરુ થસે.

**માદરે વતન યોજના :તમારુ દાન એટલું જ સરકારનું યોગદાન**

અનિવાસી ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં વસે છે. અને તે પોતાના વતન માટે કંઇક કરવાની ભાવના રાખે ચે. ગામમાં વિવિધ વિકાસના કાર્યો અને સુવિધાઓને વિકસાવવા દાતાશ્રી દ્વારા આપવામાં આવતા દાનની જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર દ્વારા ઉમેરવામાં આવશે.

**પ્રોટિન અને પોષણયુક્ત ગુજરાત માટે તુવેરદાળ વિતરણ**

ગુજરાતની જનતાને પ્રોટિન અને પોષણયુક્ત બનાવવા અનાજ વિતરણમાં પહેલીવાર તુવેરદાળનો સમાવેશ. લગભગ ૬૬ લાભાર્થી દિઠ વાર્ષિક ૧૨ કિલો તુવેરદાળનું રાહત દરે વિતરણ

**નિર્ણાયક નેતા મજબુત સરકાર :**બજેટ ૨૦૨૦માં ગુજરાત સરકારે સમાજના હિત અને પ્રગતિનો વિચાર કર્યો છે. આ બજેટ ગુજરાતના વિકાસને ઉત્તમથી સર્વોત્તમ દિશા તરફ લઇ જશે.

શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## પોલીસ કાયદાનો અમલ ના કરાવી શકે તો લોકશાહી નિષ્ફળ : દોવાલ,રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર(એનએસએ) અજીત દોવાલે દેશભરના યુવા પોલીસ જવાનોને સંબોધન કરતાં કહ્યુ હતું કે સામાન્ય માનવીને પોલીસ વિશ્વસનીય અને નિષ્પક્ષ નજરે આવવી જોઈએ અને જો પોલીસ કાનુનનો અમલ કરવામાં નિષ્ફળ રહે છે તો લોકતંત્ર નિષ્ફળ થઈ જાય છે. અજીત દોવાલે પોલીસ અધિકારીઓ એ સુનિશ્ચિત કરવા કહ્યુ કે પોલીસ ફક્ત વિશેષાધિકાર પ્રાપ્ત લોકોની સેવા કરે છે. આ માન્યતા લોકોના મનમાં દુર થવી જોઈએ. આ માન્યતા પોલીસની છબી ખરાબ કરે છે. અજીત દોવાલે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના થિંક ટેક પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ બ્યુરો દ્વારા આયોજીત કાર્યક્રમમાં કહ્યુ કે કાનુન બનાવવો એ કોઈપણ લોકતંત્રમાં સૌથી પવિત્ર કામ છે. આ કોઈ સામ્રાજ્યવાદી શાશક દ્વારા કે કોઈ ધાર્મિક નેતાના મંચથી થતું નથી.પરંતુ જનતાના પ્રતિનિધિઓ દ્વારા થાય છે.અને તમે પોલીસ કાનુન લાગુ કરનારા છો. રાષ્ટ્રીય સુરક્ષા સલાહ કાર અજીત દોવાલે કહ્યુ હતું કે જો પોલીસ જવાનો કાનુન લાગુ કરવામાં સક્ષમ નથી હોતા તો એ કાનુન બનાવવાનો કોઈ અર્થ નથી.કોઈ કાનુન એટલો જ સારો છે એટલું જ એનું જમીન સ્તર પર અમલીકરણ થાય

## ભારતની સંસદને કાયદા ઘડવાની સ્વાયત્તતા : મોદી સરકાર

ભારત સરકારે જણાવ્યુ હતું કે નાગરિકતા સુધારા કાયદો ભારતની આંતરિક બાબત છે. ભારતની સંસદને તેના કાયદા ઘડવાની સ્વાયતતા છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રવિશકુમારે જણાવ્યુ હતું કે અમે દઢપણે માનીએ છીએ કે ભારતની સ્વાયતતાને લગતા મામલાઓમાં વિદેશી પક્ષકારને બોલવાનો અધિકાર નથી. જો કે દેશ થઈ રહેલા ચારે કોર વિરોધને પણ સરકારે લક્ષમાં લેવો જોઈએ. માત્ર બહુમતીના આધારે કાયદાઓ ઘડીને માન્યતા આપી ના શકાય

## ભારતીય ક્રિકેટ બોર્ડની સલાહકાર સમિતિએ પસંદગીકારોની નિમણુંક કરી

ભારતીય ક્રિકેટ બોર્ડની ક્રિકેટ સલાહકાર સમિતિએ ખેલાડીઓની પસંદગી સમિતિના બે સદસ્યની નિમણુંક કરી છે. જેમાં સુનીલ જોશી અને હરવિન્દરસિંઘની વરણી કરવામાં આવી હતી.આગામી ભારતીય ક્રિકેટ ટીમની પસંદગી હવે સુનીલ જોશીના ચેરમેનપદે મળનારી સમિતિ કરશે. પસંદગી સમિતિમાં અન્ય સભ્યોમાં જેમણે ઈન્ટરવ્યુ આપ્યા હતા તેમા હરવિન્દરસિંહ,રાજેશ ચૌહાણ,લક્ષ્મણ શિવરામક્રિશ્ન હતા.બેની પસંદગી કરાઈ છે.

વ્યક્તિ જ્યારે એક ડગલું ભરે ત્યારે તેના શરીરના બસો સ્નાયુઓ એકસાથે હલનચલન કરે છે.
મનુષ્યોના પગમાં ૨,૫૦,૦૦૦ પ્રકારની અંતઃશ્રાવી ગ્રંથીઓ આવેલી હોય છે.

## કેન્દ્ર સરકાર ઇકોનોમીને બદલે પોતાના એજન્ડામાં મશગુલ છે : રઘુરામ રાજન ભુતપુર્વ ગર્વનર, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા



રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ભુતપુર્વ ગર્વનર રઘુરામ રાજને જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકારનું મુખ્ય ધ્યાન રાજકીય અનો સામાજીક એજન્ડા પુરા કરવા પર વધારે રહ્યુ છે. પરિણામે ઈકોનોમીની હાલત બગડી છે. ભારત મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન આપીને સુસ્ત પડેલી આર્થિક વૃધ્ધિને પાટા પર લાવી શકે છે. મને લાગે છે કે સરકાર રાજનીતિ કરી રહી છે. બ્લુમબર્ગ ટીવીને આપેલી એક મુલાકાતમાં રાજને કહ્યુ હતું કે દુર્ભાગ્યે હાલની સરકાર ઈકોનોમીને બદલે ફક્ત રાજનીતિ અને સામાજિક એજન્ડા પર ધ્યાન આપી રહી છે. આને કારણે ઈકોનોમિક ગ્રોથ સુસ્ત પડ્યો છે. ભારતે નાણાંકીય સેકટરની સમસ્યા દુર કરવા માટે જરુરી પગલાં ભર્યા નથી. તેના કારણે આર્થિક મંદી આવી છે. જો ગંભીરતાથી ધ્યાન આપવામાં આવ્યુ હોત તો પરિસ્થિતિ બદલાઈ ગઈ હોત. સત્તાવાર આંકડાઓ અનુસાર ભારતનો આર્થિક વૃધ્ધિ દર ચાલુ નાણાંકીય વર્ષના ઓકટો-ડિસેમ્બર ત્રિમાસિકમાં ૪.૭ ટકા રહ્યો છે. જે સાત વર્ષના તળિયે છે. વૃધ્ધિ દરનો આ આંકડો ૨૦૧૨-૧૩ ના જાન્યુ-માર્ચ ત્રિમાસિક બાદ સૌથી ઓછો છે.વાતચીતમાં રાજને કહ્યુ કે ભારતે નાણાંકીય સમસ્યા દુર કરવા માટે જરુરી પગલાં ભર્યા નથી.હાલની સરકાર ઈકોનોમીને બદલે ફક્ત રાજનીતિ અને સામાજિક એજન્ડા પર ધ્યાન આપી રહી છે જેની અસર ઈકોનોમી પર પડી છે.

## કોરોનાથી ભારતના અર્થતંત્રને ફટકો પડશે : વૈશ્વિક વેપારને ૫૦ બિલીયન ડોલરનું નુકશાન થવાની ભીતિ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જારી કરાયેલા એક રિપોર્ટમાં ચેતવણી અપાઈ છે કે કોરોના વાઈરસના સંક્રમણના કારણે ભારતને વેપારમાં ૩૪૮ મિલીયન ડોલરનું નુકશાન થઈ શકે છે. કોરોનાના કારણે ચીનમાં ઉત્પાદન મંદ થતાં વિશ્વમાં સૌથી વધુ અસરગ્રસ્ત થયેલા ૧૫ અર્થતંત્રમાં ભારતનો સમાવેશ થાય છે. યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા જારી કરાયેલા અંદાજમાં જણાવવામાં આવ્યુ છે કે ચીનમાં મેન્યુફેક્ચરીંગ ઘટી જતા વૈશ્વિક નિકાસોને ૫૦ બિલિયન ડોલરનું નુકશાન થશે. ભારતને વેપારમાં થનારુ નુકશાન યુરોપીયન યુનિયન,અમેરિકા,જાપાન,દક્ષિણ કોરિયા કરતાં ઓછું રહેશે. કોરોના વાયરસ ફક્ત ચીનના અર્થતંત્રને જ નહીં પરંતુ વૈશ્વિક અર્થતંત્રો પર પણ ગંભીર અસર કરી શકે છે. ચીનમાં ઉત્પાદનમાં ઘટાડો થવાને કારણે ઈન્સ્ટ્રુમેન્ટસ,મશીનરી, ઓટોમેટીવ, કોમ્પ્યુનિકેશન, સહિતના સેકટરોમાં સૌથી વધુ અસર થઈ છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ००८९८
E.mail : drhamparikh@yahoo.co.in


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.